"ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઘેર રિહેબિલિટેશન એક્ટ, ૨૦૧૩" ની કલમ-૨૬ મુજબની રાજ્ય કક્ષાની મોનીટરીંગ સમિતિના સભ્યોની નિમણુંક કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SJED/GSK/e-file/17/2022/2546/G
સચિવાલય, ગાંધીનગર
તા.૦૫/03/૨૦૨૪

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ-૧૦૧૪-૨૭૭૭૨(પાર્ટ.૧)/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૬/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ-૧૦૧૪-૨૭૭૭૨(પાર્ટ.૧)/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૦૭/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ-૧૦૧૪-૨૭૭૭૨(પાર્ટ.૧)/ગ

આમુખ:

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૧/૦૪/૨૦૧૫ના ઠરાવથી "ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઘેર રિહેબિલિટેશન એક્ટ,૨૦૧૩" ની કલમ-૨૬ મુજબની રાજ્ય કક્ષાની મોનીટરીંગ સમિતિનું માળખું અને કાર્યો નિયત કરવામાં આવેલ છે.

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૨૧/૦૬/૨૦૧૮ના ઠરાવથી રાજ્ય કક્ષાની મોનિટરીંગ સમિતિમાં મેન્યુઅલ સ્કેવેન્જર્સને લગતી કામગીરી સાથે સંકળાયેલ સ્વૈછિક સંસ્થાઓના ચાર – પ્રતિનિધિઓ (જે પૈકી બે મહિલાઓ) તથા સફાઇ કામદારોનાં બે પ્રતિનિધિઓ (જે પૈકી એક મહિલા) ની નિમણુંક કરવામાં આવેલ હતી. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના તા.૧૩/૦૭/૨૦૧૮ના ઠરાવથી રાજ્ય કક્ષાની મોનિટરીંગ સમિતિમાં અનુસૂચિત જાતિના કુલ-૨ ધારાસભ્યશ્રીઓની નિમણુંક કરવામાં આવેલ હતી.

વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૧/૦૪/૨૦૧૫ના ઠરાવના નિયત માળખામાં રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સમાવેશ કરવાની બાબત, તેમજ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) અને (૩) પરના અનુક્રમે તા.૨૧/૦૬/૨૦૧૮ અને તા.૧૩/૦૭/૨૦૧૮ના ઠરાવથી નક્કી કરેલ સભ્યશ્રીઓની/ધારાસભ્યશ્રીઓની મુદતને પાંચ વર્ષથી વધુ સમય થયેલ હોવાથી નવી નિમણુંક કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, રાજ્ય કક્ષાની મોનિટરીંગ સમિતિમાં નીચે મુજબના સભ્યશ્રીઓનો સમાવેશ/નિમણુંક કરવામાં આવે છે.

(૧) રાજ્ય કક્ષાની મોનીટરીંગ સમિતિના નિયત માળખામાં રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સભ્યશ્રી તરીકે સમાવેશ કરવામાં આવે છે.

(૨) રાજ્ય કક્ષાની મોનીટરીંગ સમિતિમાં વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના તા.૧૩/૦૭/૨૦૧૮ના ઠરાવથી કરવામાં આવેલ સભ્યશ્રીઓની નિમણુંક રદ કરીને તેઓના સ્થાને નીચે મુજબના ધારાસભ્યશ્રીઓની સભ્યશ્રી તરીકે નિમણુંક કરવામાં આવે છે.

07/08/2024

Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 05-Mar-2024 (03:45 PM)

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ગાંધીનગર
ઈનવર્ડ નં. 47
તારીખ 7/3/24

| ક્રમ | નામ | સરનામુ |
|---|---|---|
| ૧ | શ્રી કરશનભાઈ પી. સોલંકી | વણકરવાસ, મુ.નગરાસણ, તા.કડી, જિ.મહેસાણા |
| ૨ | ડો. પ્રદ્યુમન ગનુભાઈ વાજા | બંગલા નં.૨૯, "બોપલ -૪૪૪", સન સીટીની બાજુમાં, સરદાર પટેલ રીંગ રોડ, બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૭ |

(૩) રાજ્ય કક્ષાની મોનિટરીંગ સમિતિમાં વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૨૧/૦૬/૨૦૧૮ના ઠરાવથી કરવામાં આવેલ સભ્યશ્રીઓની નિમણુંક રદ્દ કરીને નીચે મુજબના મેન્યુઅલ સ્કેવેન્જર્સને લગતી કામગીરી સાથે સંકળાયેલ સ્વૈછિક સંસ્થાઓના ચાર – પ્રતિનિધિઓ (જે પૈકી બે મહિલાઓ) તથા સફાઇ કામદારોનાં બે પ્રતિનિધિઓ (જે પૈકી એક મહિલા) ની સભ્યશ્રી તરીકે નિમણુંક કરવામાં આવે છે.

<u>સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ</u>

| ક્રમ | નામ | સરનામુ |
|---|---|---|
| ૧ | અશોકભાઈ મંગળભાઈ રાઠોડ | પુરસોતમ નિવાસ, સાયરા રોડ મોડાસા, જિલ્લો અરવલ્લી |
| ૨ | બાબુભાઈ એસ ટીમાણીયા | દારી રોડ સાંઈબાબા મંદિર, આલોક એપાર્ટમેન્ટ પાસે, સોમનાથ જિલ્લો ગીર સોમનાથ |
| 3 | એડવોકેટ વૈજંતિબેન બકુલભાઈ વાઘેલા | મહેન્દ્રસિંહજી હોસ્પિટલ, ૧૦૨ , સાંઇ સ્મિત-૨, મોરબી |
| ૪ | બાલુબેન ચીમનભાઈ વાઘેલા | ડી-૨૫ , યુનિવર્સીટી સ્ટાફ ક્વાટર્સ, નવરંપુરા ,અમદાવાદ |

<u>સફાઈ કામદાર પ્રતિનિધિઓ</u>

| ક્રમ | નામ | સરનામુ |
|---|---|---|
| ૧ | રાજેશભાઈ ઠાકોરભાઈ ધુમમડીયા | ગાયકવાડ મીલચાલ, બીલીમોરા, જિ નવસારી |
| ૨ | કંચનબેન અતુલભાઈ વાઘેલા | કલ્યાણની બાપાનગર હ્યુન્ડાઈ કાર શો રુમ સામે, મેઘપર (બોરીચી) તા. અંજાર , જિલ્લો કચ્છ |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર સરકારશ્રીની તારીખ ૨૯/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે, eSign

Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 05-Mar-2024 (03:45 PM)

( ધર્મિષ્ઠા વસાવા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પં.ગ્રા.ગૃ.નિ.અનેગ્રા.વિ.વિ.)ના અંગત સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શ.વિ.અનેશ.ગૃ.નિ.વિ)ના અંગત સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય ,પોલીસ ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર તરફ નવનિયુક્ત સભ્યશ્રીઓને જાણ કરવા સારૂ.
- નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર
- પ્રાદેશિક નિયામકશ્રી, વસ્તી ગણતરી, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, સેક્ટર ૧૭-એ, ગાંધીનગર
- ડિવિઝનલ મેનેજરશ્રી, રેલ્વે, અમદાવાદ (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- રાજ્યની બેંકર સમિતિના અધ્યક્ષશ્રી, અમદાવાદ (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૪

Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 05-Mar-2024 (03:45 PM)